**સુવિચાર**

જયાંથી મળે ત્યાંથી સદ્વિચાર મેળવવા અને તે પ્રમાણે યથાશકિત જીવનને ઘડતા જવું.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૫/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ વૈશાખ સુદ-૧૫ વર્ષ : ૧૫ અંક : ૧૩૭










## પૂ. જલારામબાપા અને પૂ. વાલમરામબાપાનાં ગુરૂનો આજે પ્રાગટય ઉત્સવ

# સંત શિરોમણી પૂ. ભોજલરામબાપાનો આજે ૨૩૯મો પ્રાગટ્યોત્સવ

**અમરેલીનાં ફતેપુર ગામને સમગ્ર વિશ્વમાં ઓળખ આપનાર પૂ. ભોજલરામબાપાએ હજારો વ્યકિતઓને ધર્મનું જ્ઞાન પીરસ્યું**

**આજે સમગ્ર વિશ્વમાંથી ફતેપુર ગામે મોટી સંખ્યામાં પૂ. ભોજલરામબાપાનાં ભકતો પધારે છે**

**ફતેપુર જગ્યામાં પૂ. ભોજલરામબાપાના સ્મૃતિ ચિન્હો ઢોલીયો, પાઘડી, માળા તથા કંકુપગલા પૂજાય છે**

**પૂ. ભોજલરામબાપાનાં પ્રાગટ્યોત્સવ નિમિત્તે આજે અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે**




અમરેલી, તા. ૨૨

અમરેલીનાં ફતેપુરમાં આવેલ ''ભોજલધામ'' ખાતે પ્રાતઃ સ્મરણીય પૂજય ભોજલરામ બાપાનો ૨૩૯મો પ્રાગટય મહોત્સવ વૈશાખી પૂર્ણિમાના પાવનદિને તા. ૨૩/૫/૨૦૨૪ને ગુરૂવારનાં રોજ શ્રી ભોજાભગત ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી ધામધૂમથી ઉજવવામાં આવશે.

ધરમના ધામ તણા આ ''ભોજલધામ'' માં દર વર્ષે પૂજય ભોજલરામબાપાનો પ્રાગટય મહોત્સવ ધામધૂમપૂર્વ ઉજવાઈ છે. દેશ/વિદેશનાં લાખો ધર્મપ્રેમી શ્રધ્ધાળુઓને પ્રેમ, ભકિત અને શ્રધ્ધાનો પ્રસાદ ચખાડે છે. આ મહોત્સવમાં મુંબઈ, વાપી, સુરત, અમદાવાદ, રાજકોટ, ગોંડલ, જુનાગઢ, જામનગર તથા અમરેલી જિલ્લાનાં ઉદ્યોગપતિઓ તથા આગેવાનો અને સંતો–મહંતો ખાસ હાજરી આપશે.

પૂજય ભોજલરામ બાપાનો ૨૩૯મો પ્રાગટય મહોત્સવના કાર્યક્રમમાં દર વર્ષની જેમ પ્રભાતે ૬:૦૦ કલાકે પૂ. બાપાના સ્મૃતિ ચિન્હોનું પૂજન, સવારનાં ૮:૩૦ કલાકે રકતદાન કેમ્પનું ઉદઘાટન, સવારે ૯:૦૦ કલાકે ફૂલ સમાધિ પર ધ્વજારોપણ, સાવરે ૯:૩૦ કલાકે નેત્ર નિદાન કેમ્પનું ઉદઘાટન, બપોરના ૧૨:૦૦ કલાકે ભોજન પ્રસાદ, સાંજના ૫:૦૦ કલાકે ધર્મસભા જેમાં પ.પૂ. શ્રી વિજયબાપુ–મહંતશ્રી સતાધાર, પ.પૂ.

**અનુસંધાન પાના ૬ ઉપર**



















## કાળઝાળ ઉનાળામાં પીવાનાં પાણીની મુશ્કેલીઓ દૂર કરવી જરૂરી

# સાવરકુંડલા–લીલીયા પંથકમાં નર્મદાનું પાણી પહોંચતું કરો : મહેશ કસવાલા

**ગ્રામ્ય વિસ્તારમાં મહિલાઓ પાણીની માંગ કરે તે પહેલા જ પાણી પહોંચતું કરવા પાણી પુરવઠા મંત્રીને પત્ર પાઠવ્યો**

**ખારાપાટ વિસ્તારમાં આવેલ ગામડાઓમાં નર્મદાનું પાણી જનતા માટે અત્યંત જરૂરી**

**ગામડામાં વાલમેનોના પક્ષપાતી વલણ અને ખરાબ વર્તણુંકની ફરિયાદ સામે કસવાલા રોષિત**

**પક્ષપાતી વલણ ધરાવતા વાલમેનોને જિલ્લા બહાર મુકવા અધિકારીઓને સુચના આપી**

સાવરકુંડલા, તા. ૨૨

સાવરકુંડલા–લીલીયા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં હાલ ઉનાળાની સિઝનમાં પીવાનાં પાણીની તંગી ખૂબ જ મોટા પ્રમાણમાં ઉભી થયેલી જણાય રહી છે. ત્યારે ગ્રામીણ ગામડાઓમાં નર્મદાના પાણી સાથે વાલમેનોના પક્ષપાતી વલણ સામે પણ ધારાસભ્ય મહેશ કસવાલા લાલઘુમ થયા છે ને આવા વાલમેનોને જિલ્લા બહાર મુકવા સુધીની લેખિત રજૂઆતો



ધારાસભ્ય કસવાલાએ ગ્રામીણ ગામડાઓમાં પીવાની પાણીની મુશ્કેલીઓ દૂર કરવા અંગેની જરૂરી રજૂઆતો તંત્રના બાબુ અને મંત્રીને કરી છે. લીલીયા તાલુકો ખારાપાટ વિસ્તાર હોઈ સ્થાનિક પીવાના પાણીનો કોઈ સ્ત્રોત ઉપલબ્ધ નથી ફકત નર્મદાના પાણી આધારીત પીવાનું પાણી મળે છે પરંતુ ગરમીના પ્રકોપના કારણે પાણીની જરૂરિયાત વધતા મોટાભાગના ગામોમાં પણ પાણીની તંગી ઉભી થયેલ હોવાની ફરિયાદો મળી રહી છે. જયારે સવારકુંડલા તાલુકાના ૩૫ ગામો પણ ખારાપાટ વિસ્તારમાં આવેલ હોઈ ત્યાં પણ કોઈ સ્થાનિક સ્ત્રોત નથી અને બાકીના ગામો ડુંગરાળ વિસ્તારના હોઈ ત્યાં પાણીના તળ ખૂબ જ ઉંડા ગયેલ છે અને કૂવા તેમજ બોરમાં પાણી હાલ ઉપલબ્ધ નથી તેમાં પણ નર્મદાનું પાણી હાલ આપવામાં આવે છે તે ખૂબ જ ઓછા પ્રમાણમાં હોઈ તેવા ગામો વીજપડી, ગાધકડા, ઘાંડલા, નેસડી, બાઢડા, જુનાસાવર, મઢડા, ડેડકડી, સાકરપરા, દોલતી, છાપરી તેમજ અન્ય ગામોમાં પણ પાણીની તંગી ખૂબ જ મોટા પ્રમાણમાં જોવા મળેલ છે. આ તંગીનાં કારણે ઉનાળાની સિઝનમાં જરૂરિયાત મુજબનું પીવાનું પાણી ન મળવાના કારણે લોકોમાં નારાજગી વ્યાપેલી હોવાનું જણાય રહ્યું છે. પુરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહે તે માટે કોઈ ટેકનિકલ મુશ્કેલીઓ હોઈ તો જિલ્લા કક્ષાએ આ અંગેની રિઝયુ મિટીંગ રાખી પ્રાયોગીક ધોરણે ટેકનિકલ મુશ્કેલીઓ દૂર કરી વધારે જથ્થે પાણીનો આપવામાં આવે તે ખૂબ જ આવશ્યક જણાય રહ્યું છે. સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારમાં નર્મદા અને મહિપરીએજ યોજના આધારીત પીવાનું પાણી મળતું હોઈ આ વ્યવસ્થા ૧૫ થી ૨૦ વર્ષ પહેલાની હોઈ પાઈપો તૂટી જવાના બનાવો અવાર–નવાર બનતા હોય, ટેકનિકલ પ્રશ્નો ઈસ્યુ થતાં હોય તેને નિવારવા ખૂબ જ જરૂરી છે. તેથી નર્મદા અને મહીપરીએજ યોજનાના પાણીના જથ્થામાં વધારો કરવા, યાંત્રીક ખામીઓ તાત્કાલીક નિકાલ કરવા અને વિતરણ વ્યવસ્થામાં વાલમેન સહિત સ્ટાફના નેટવર્કમાં રહેલ ખામીઓ દૂર કરવી ખૂબ જ જરૂરી જણાય છે. ગ્રામીણ ગામડાઓમાં પાણી પુરવઠા તંત્ર ધ્વારા પાણીની સગવડતા અંગે તકેદારી રખાઈ છે પણ અમુક વાલમેનો પક્ષપાતી વલણ દાખવતા હોવાની ફરિયાદો મળી રહી છે. જેમાં પણ તપાસ કરીને યોગ્ય દાખલારૂપ કામ તંત્ર ધ્વારા કરવામાં આવે તેવી લાગણીઓ પણ વ્યકત કરવામાં આવી છે ને આવા વાલમેનોને સજાના ભાગરૂપે અન્ય જિલ્લામાં ટ્રાન્સફર બદલી કરવામાં આવે તો પાણીની થોડીઘણી મુશ્કેલીઓ પણ મહદઅંશે અંકુશમાં આવી શકે છે. જયારે હાલના તબકકે ઉનાળાની સિઝનમાં પીવાના પાણીની તંગી વર્તાય નહી તે માટે પાણીનો વધુ જથ્થો ફાળવવા અને નિયમીતપણે પાણી મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરાવવા જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા અને મુખ્ય ઈજનેરને પત્ર સાથે ટેલીફોનીક વાત કરીને ત્વરિત યોગ્ય વ્યવસ્થા સાથે સહકાર આપવાનો અનુરોધ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ કર્યો હતો. તેમ સત્વ અટલધારા કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હીરપરાની અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

### ચેતન ગણેશભાઈ ચૌહાણ નામના

## વડિયાનાં લુણીધાર ગામનાં વિદ્યાર્થી યુવકે ઝેરી દવા પી અંતિમવાટ પકડી

**રાજકોટ ખાતે ગોકુલ હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૨૨

કુંકાવાવ–વડિયા તાલુકાના લુણીધાર ગામે રહેતા ચેતન ગણેશભાઈ ચૌહાણ નામનો વિદ્યાર્થી છેલ્લા સાતેક વર્ષથી તેના નાના સાથે લુણીધાર ગામે રહેતો હોય. ગત તા. ૨૪/૪નાં રાત્રીના અગિયારેક વાગ્યાના સુમારે પોતે પોતાની મેળે કોઈ અગમ્ય કારણસર અનાજમાં નાખવાના ઝેરી દવાના ટીકડા પી જતા પ્રથમ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે બાદ ત્યાંથી વધુ સારવાર અર્થે રાજકોટ ગોકુળ હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરેલ જયાં સારવાર દરમ્યાન તેમનું તા. ૪ નાં રોજ મત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

---

### સિંગતેલનાં ડબા ખરીદ કરવાનાં નામે

## લાઠીનાં અકાળામાં થયેલ વિશ્વાસઘાત અને ઠગાઈનાં ગુન્હાનાં આરોપીઓ ઝડપાયા

**સ્થાનિક પોલીસે ૨ આરોપી ઝડપી લીધા**



અમરેલી, તા. ૨૨

લાઠીના અકાળા ગામે આવેલ કિસ્મત ઓઈલ મીલમાં સિંગતેલના ડબાનો મોટા જથ્થાનો ઓર્ડર આપવાની લાલચ આપી મિલના સંચાલકને વિસમાં લઈ તેમની પાસેથી સિંગતેલના ડબા નંગ ૧૮૧ ટેક્ષ સહિત કુલ રૂપિયા ૫,૬૬,૩૮૫ નો મુદ્દામાલ ફોન મારફતે મંગાવી બારોબાર પ્રથમ અમરેલી ખાતે ૫૫ ડબાની તથા સુરત ખાતે અલગ અલગ ત્રણ જગ્યાએ કુલ ૧૨૬ ડબાની ડીલેવરી કરાવી મિલ સંચાલકને ડીલેવરી બાદ પેમેન્ટ આર.ટી.જી. એસ. કરવાનુ કહી બાદમાં અવારનવાર પૈસાની ઉઘરાણી કરવા છતાં મિલ સંચાલકને સિંગતેલના ડબા નંગ ૧૮૧ ટેક્ષ સહિત કુલ રૂપિયા ૫,૬૬,૩૮૫ ના પૈસા ન ચુકવી મિલ સંચાલક સાથે વિસઘાત તથા ઠગાઈ કરવાના ઈરાદે છેતરપીંડી કર્યાની પોલીસમાં નોંધાઈ હતી.

જે અનવ્યે પોલીસ અધિક્ષક હિમકરસિંહે અમરેલી જીલ્લામાં ગેરકાયદેસર પ્રવૃત્તિ કરતા ઈસમોને પકડી તેઓના વિરૂધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ શરીર સબંધી તથા મીલ્કત વિરૂધ્ધના ગુન્હાઓ અટકાવવા તેમજ અનડીટેકટ ગુનાઓ શોધી કાઢવા માટે સઘન પેટ્રોલીંગ કરવા તેમજ આરોપીઓ શોધી કાઢવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય. જે અનુસંધાને નાયબ પોલીસ અધીક્ષક ચીરાગ દેસાઈએ અમરેલીએ આ બાબતે જરૂરી માર્ગદર્શન આપેલ હોય. લાઠી પોલીસ સ્ટેશનના આઈપીસી કલમ ૪૦૬, ૪૨૦નાં ગુનાના આરોપી નિશાંતભાઈ મથુરભાઈ જાવીયા (મુળ રહે. બરડીયા, તા. જામકંડોરાણા, હાલ રહે. મોરબી) તથા રોહીતભાઈ વિનુભાઈ ગજેરા (મુળ રહે. ગોઢાવદર, તા. લીલીયા, હાલ વેલછા તા. માંગરોળ, જી. સુરત) ને ટેકનીકલ સોર્સ આધારે સિંગતેલના ૩૩ ડબા કિંમત રૂપિયા ૧,૦૩,૨૯૦ના મુદ્દામાલ સાથે બંને ઈસમોને પકડી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

### ૧૭ વર્ષ પહેલા થયેલ ફરિયાદ બાદ પુનઃ ડખ્ખો

## ખાંભાના વાંગ્રધા ગામે અગાઉના મન દુઃખનાં કારણે મારામારીની ઘટના બની

**પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨૨

ખાંભા તાલુકાના વાંગધ્રા ગામે રહેતા મહીપતભાઈ મનુભાઈ જોગદીયા નામનાં ૨૫ વર્ષિય યુવકના પિતાને આજથી આશરે તેરેક વર્ષ પહેલા તે જ ગામે રહેતા બાધાભાઈ ગોવિંદભાઈ સરવૈયાએ છરી મારેલ હોય, તે બાબતે યુવકના પિતાએ તેમના વિરૂપ્રધમાં પોલીસમાં ગુન્હો દાખલ કરાવેલ હોય, તે બાબતનું મન દુઃખ રાખી, તા. ૨૦ ના રોજ સાંજે ૬/૩૦ વાગ્યાના સમયે યુવક ભાવેશભાઈ કાળુભાઈ સરવૈયાની દુકાને બેઠેલ હોય, તે દરમ્યાન આરોપી બાધાભાઈ ગોવિંદભાઈ સરવૈયા તથા વિપુલભાઈ બાધાભાઈ સરવૈયાએ યુવકને બિભત્સ શબ્દોમાં ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપી અને જ્ઞાતિ પ્રત્યે હડધુત તથા અપમાનીત કરી લાકડાના લાકડી વડે જમણી આંખ ઉપર માર મારી ઈજા કર્યાની ફરિયાદ નોંધાય છે. તો આ જ બનાવમાં સામાપક્ષે વિપુલભાઈ બાધાભાઈ સરવૈયાએ પણ સામાવાળા મહિપતભાઈ મનુભાઈ જોગદિયા સામે જુના ઝઘડાનું મનદુઃખ રાખી જેમ ફાવે તેમ ગાળો આપી મુંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી લાકડી વડે માર મારી ડાબા હાથની કોણી પાસે મારી ફેકચર જેવી ઈજા કર્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.

---


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦








અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ

એકલવ્ય કોમર્સ 100% કોમર્સ

ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)

ધોરણ–12 કોમર્સ (વર્ષ–2024) સામાન્ય પ્રવાહનું અસામાન્ય પરિણામ

કુલ વિદ્યાર્થી :- 66
પાસ થયેલ વિદ્યાર્થીઓ :-57
સંસ્થાનું પરિણામ :- 86.36%

A1 ગ્રેડ 50% ફી માફી

95PRUP :-07 વિદ્યાર્થી
90PRUP :-10 વિદ્યાર્થી
75PRUP :-21 વિદ્યાર્થી

A2 ગ્રેડ :-10
B1 ગ્રેડ :-16
B2 ગ્રેડ :-13

ધો.૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો.૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R.સુધી | 20% |
| 85 થી 90 P.R.સુધી | 15% |
| 65 થી 85 P.R.સુધી | 10% |
| 50 થી 65 P.R.સુધી | 05% |

ગર્લ્સ અને બોયઝ બન્ને માટે અલગ અલગ હોસ્ટેલની સુવિધા..

બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ.

સ્પર્ધાત્મક પરીક્ષાનાં માર્ગદર્શન માટે વિકલી લેકચર..

વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.

અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ–૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા..

એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...

નિકુંજ ગઢવાલા મો.૯૧૦૯૯ ૩૪૪૨૯ | ભરત સાવલીયા મો.૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ નારાયણ નગર, અમરેલી


---

### વાવડી ગામનાં યુવક સુરતથી વતન આવેલ

## બાબરાનાં મોટા દેવળીયા ગામથી ૨ કી.મી. દુર કાર ઝાડ સાથે અથડાતા ચાલકનું કમકમાટીભર્યુ મોત

**અન્ય એક કાર સવાર પણ ઈજા ગ્રસ્ત બન્યા**

અમરેલી, તા. ૨૨

સુરત ગામે રહેતા અને મુળ બાબરા તાલુકાના વાવડી ગામના વતની કિનાલભાઈ હિંમતલાલ વિરડીયા નામનાં ૨૩ વર્ષિય વેપારી યુવકે તા.૨૧ના રોજ ૧૦ વાગ્યે બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામથી ૨ કી.મી દુર પોતાના હવાલાવાળી ફોર વ્હીલ નં.જી.જે–૦૯– એલ.બી. ૦૬૧૭ ની પૂરઝડપે, બેફીકરાઈ અને ગફલત ભરી તે રીતે ચલાવી કાર પરથી કાબુ ગુમાવતા બાવળના ઝાડ સાથે ભટકાડી વિજ્ઞેશભાઈ રાજુભાઈ ઠુંમરને માથામાં તથા ડાબા હાથના પોચા ઉપર નાની મોટી ઈજા કરી તથા પોતાને પણ કાન તથા માથામાં ગંભીર ઈજા થતાં પોતાનું મોત નિપજાવી દીધાની ફરિયાદ નોંધાય છે.

---

### એસપીની સુચનાથી પેરોલ ફર્લો સ્કવોર્ડનો સપાટો

## અમરેલી : તાલુકા પોલીસ સ્ટેશનનાં ઘરફોડ ચોરીનાં ગુન્હાનો નાસતો–ફરતો આરોપી ઝડપાયો

**સાણંદ ખાતેથી ઝડપી લઈ તાલુકા પોલીસને સોંપી દેવાયો**



અમરેલી, તા. ૨૨

અમરેલી, ભાવનગર, જૂનાગઢ તેમજ અમદાવાદ વિગેરે જિલ્લાઓમાં અલગ અલગ જગ્યાએ આરોપી બચુભાઈ માલાભાઈ ખરાડ તથા સહ આરોપીઓ ભેગા મળીને ઘરફોડ ચોરીઓ કરેલ હતી. આ ચોરીઓથી તેઓને આર્થિક ફાયદો થતો અને બધા દરેક બનાવ સ્થળોએ અલગ– અલગ સમયે એક સાથે રહી રાત્રીના ચોરીઓ કરેલ કરેલ હોય તેમજ સદર ગુન્હાના કામે તેની સાથેના સહ આરોપીઓ પકડાઈ ગયેલ હોય. આ બાબતે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ થયેલ હોય આ ગુન્હાના કામે મજકુર ઈસમ નાસીજઈ પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો હતો.

જે અન્વયે પોલીસ અધિક્ષક, હિમકરસિંહે નાસતા ફરતા આરોપી તથા ફરાર કેદીઓ શોધી કાઢવા તથા અસરકારક કામગીરી કરવા જરૂરી માર્ગદર્શન તથા સુચના આપેલ. જેથી પેરોલ ફર્લો સ્કવોર્ડ ટીમને ચોક્કસ બાતમી આધારે અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના આઈપીસ કલમ ૪૦૧, ૧૨૦બી ૩૪ કામે છેલ્લા એક વર્ષથી ઘરફોડ ચોરીની ટોળકીના નાસતા ફરતા આરોપી બચુભાઈ માલાભાઈ ખરાડ (રહે. છરછોડા, જિ. દાહોદ) ને તા. ૨૧ ના રોજ સાણંદ ખાતેથી ઝડપી લઈ આરોપીની પુછપરછ કરી આગળની ઘટતી કાર્યવાહી કરવા અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનને સોંપી આપેલ હતો.

---

### પુ. ભોજલરામબાપાની જન્મજયંતી નિમિત્તે

## અમરેલીમાં આજે એક દિવસ વિનામૂલ્યે છાસ વિતરણ અને બટુક ભોજન

**ધર્મપ્રેમીઓને લાભ લેવા જણાવાયું**

અમરેલી તા. ૨૨

અમરેલી એક સેવાભાવી વ્યકિતને ભોજલરામબાપાનાં ૨૩૯માં પ્રાગટય મહોત્સવે ત્રિવેણી સંગમ રૂપી કાર્યક્રમનું આયોજન કરેલ છે. જેમાં અમરેલી સ્ટેશન રોડ ઉપર આવેલ તાલુકા પોલીસ સ્ટેન સામે બાપાસીતારામ પરોઠા હાઉસ નાસ્તાગૃહ નામે પરોઠા હાઉસ ચલાવતા રમેશભાઈ તથા તેમના



મિત્રમંડળ દ્વારા આવતી કાલે એક દિવસ પુરતું વિનામૂલ્યે છાશ વિતરણ બટુક ભોજન તેમજ ધુન (સંકિર્તન)નું સુંદર આયોજન કરી પુ. ભોજલરામબાપાની ૨૩૯મી જન્મ જયંતિ (પ્રાગટય મહોત્સવ) શો ઉજવણી કરશે તો દરેક ધર્મપ્રેમી લોકોએ આ કાર્યક્રમનો લાભ અચૂક લેવા રમેશભાઈ તરફથી અનુરોધ કરવામાં આવેલ છે.

## ભાજપ અગ્રણી ગોપાલભાઈ વસ્તરપરાએ મુખ્યમંત્રીને વેદનાપત્ર પાઠવ્યો

# બાબરા પંથકમાં આડેધડ કપાતા વૃક્ષોને બચાવવા માંગ

**એક તરફ દિનપ્રતિદિન ગ્લોબલ વોર્મિંગનાં કારણે તાપમાનમાં વધારો થઈ રહ્યો છે અને બીજી તરફ વૃક્ષોનું આડેધડ કટિંગ થઈ રહ્યું છે**

**આડેધડ કપાતાં વૃક્ષોને બચાવવામાં નહી આવે તો આગામી દિવસોમાં ગરમી ભયાનક સ્વરૂપ પકડશે**

**બાબરા સહિત સમગ્ર રાજયમાં રહેલ વૃક્ષોની ગણતરી કરીને તેમને સુરક્ષિત કરવા જરૂરી**

**વૃક્ષ છેદન કરનાર સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી**



અમરેલી, તા. ૨૨

બાબરાનાં ચમારડીનાં વતની, ભાજપ અગ્રણી, પર્યાવરણ પ્રેમી અને ભામાશા તરીકે ઓળખાતા ગોપાલભાઈ વસ્તરપરાએ બાબરા પંથકમાં આડેધડ થતું વૃક્ષ છેદન અટકાવવા માટે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, હાલ સમસ્ત દેશમાં પડતી તીવ્ર ગરમીના કારણે સામાન્ય નાગરિકોને ખુબ જ તકલીફ પડે છે. આપણે સૌ જાણીયે છીએ કે આ ગ્લોબલ વોર્મિંગના કારણે ઋતુ ચક્ર બદલાઈ ગયું છે. અને તેની સીધી અસર પર્યાવરણ પર જોવા મળે છે. જો તેને સુધારવા માટે કડક પગલાં નહિ લઈયે તો આવનારી પેઢી માટે ખુબજ હાનિકારક સાબિત થશે.

વધુમાં જણાવેલ છે કે, હાલ સમસ્ત ગુજરાતમાં સરેરાશ તામાન ૪૦-૪૨ ડિગ્રી થઈ ગયું છે. ઘરે-ઘરે કે ઓફિસે એર કન્ડિશનર (એસી) મુકવાથી કામચલાઉ રાહત મળી શકે, પરંતુ તેના કારણે તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો પણ થાય છે. સૌ જાણીએ છીએ કે પર્યાવરણની હાનિના કારણે આખું વિશ્વ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાથી ઝઝૂમી રહ્યું છે. આ સમસ્યાનું એક સમાધાન વૃક્ષોનું વાવેતર છે. તે લાંબી પદ્ધતિ છે અને તેની અસર પણ લાંબા સમયે થાય છે. પરંતુ હાલ પૃથ્વીની ધરા પર રહેલા વૃક્ષો બચાવવા ખુબ જ જરૂરી છે. સરકાર તરફથી અનેકો યોજનાઓ પ્રવૃતિઓ થાય છે. પરંતુ હાલ આ કાળજાળ ગરમીમાં પણ લોકો વૃક્ષો કાપી રહ્યા છે તે જોઈને દુઃખ થાય છે.

વધુમાં જણાવેલ છે કે, હાલ સરકારની પરવાનગી લીધા વિના ગામોમાં, ખેતરોમાં અને માર્ગ પર રહેલા અનેકો વૃક્ષો કપાઈ રહ્યા છે. લોકોને ગરમીથી રાહત અને શીતળતા જોઈએ છે. પરંતુ સમાધાન રૂપી વૃક્ષો વાવવાને બદલે વૃક્ષો જોઈને કાપી રહ્યા છે. હાલ બેફામ કપાતા વૃક્ષો જોઈને દુઃખ થાય છે. આ અંગે સરકાર એ ઝડપથી તપાસ ધરી કાર્યવાહી રૂપે કડક પગલાં લેવાની જરૂર છે. આ અગાઉ પણ અમે ગામોના ખેતરમાં આવેલા તમામ વૃક્ષોને રેવેન્યુ રેકોર્ડમાં સમાવેશ હોય તો નાગરીક તેને મંજૂરી વગર કાપવાનો સાહસ પણ ના કરે.

વધુમાં જણાવેલ છે કે, આપણે સૌ જાણીએ છીએ કે વૃક્ષોના કારણે આપણને ડાયરેકર અને ઈન્ડાયરેકટર અનેકો ફાયદા થાય છે. સિંચાઈ થી લઈ જમસન ધોવાણ પણ અટકે છે. તે સાથે સાથે અસંખ્ય પશુ-પક્ષીઓ ને ખાવા અને રહેવાનો આશરો પણ વૃક્ષો પૂરો પાડે છે. હાલ બાબરા, અમરેલી પંથકમાં વટવૃક્ષો કાપવા વાળી અનેકો ગેંગ હાજર છે અને ગામો ગામમાં મંજૂરી વગર વૃક્ષો કપાઈ રહ્યા છે.

વધુમાં જણાવેલ છે કે, તાત્કાલિક ધોરણે આ વિષયે વન વિભાગ અને મામલતદાર દ્વારા તપાસ ધરીને કડક કાર્યવાહી કરી વૃક્ષો કપાતા અટકાવવા જોઈએ. પુરાવા રૂપી ફોટો, વિડિયો અને આવી ગેંગોના નંબર પણ ગામજનો અને અમારી પાસે છે. જરૂર પડે તો અમે પણ સહાય માટે તૈયાર છીએ તેમ અંતમાં જણાવેલ છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
( સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯,
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I

- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org








જિલ્લામાં ટોપર્સ આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ એટલે...
એપેક્ષ સ્કૂલ ઓફ કોમર્સ
સાતમા વર્ષે ફરી એપેક્ષ સ્કૂલ નો ડંકો...
Once Again માર્ચ 2024
સમગ્ર બોર્ડમાં બીજા સ્થાને... અને સમગ્ર અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાને...
સાવલીયા દિક્ષિતા A1 Grade 99.98 P.R.
આંકડા : 100/100 | SPCC : 100/100 | અર્થશાસ્ત્ર : 99/100 | નામુ : 98/100 | વા. વ્યસ્થા : 95/100

| | |
|---|---|
| માર્ચ 2018 જિલ્લા દ્વિતિય ચાવડા કૃણાલ 99.78 P.R. | માર્ચ 2019 જિલ્લા પ્રથમ જોષી જાહન્વી 99.88 P.R. |
| માર્ચ 2020 જિલ્લા દ્વિતિય દેવાણી ભાર્ગવ 99.27 P.R. | માર્ચ 2021 જિલ્લા દ્વિતિય ગોહિલ પુજા 99.71 P.R. |
| માર્ચ 2022 જિલ્લા દ્વિતિય વેકરીયા હિતેશ્રી 99.77 P.R. | માર્ચ 2023 જિલ્લા પ્રથમ કારીયા કિનલ 99.97 P.R. |

ધો. ૧૧ કોમર્સ શા માટે એપેક્ષ સ્કૂલમાં જ...

- વિષય નિષ્ણાંત, અનુભવી, અને ક્વોલીફાઈડ સ્ટાફ...
- દરેક વિષયનું 100 ગુણનું Most IMP મટીરીયલ્સ
- ચેપ્ટરવાઈઝ અને વિકલી ટેસ્ટ દ્વારા સર્વગ્રાહી મુલ્યાંકન...
- CCTV થી સમગ્ર કેમ્પસનું મોનીટરીંગ...
- એક વર્ગમાં માત્ર ૩૦ વિદ્યાર્થીઓની જ સંખ્યા...
- હોસ્ટેલ સુવિધા...
- ડાઉટફુલ પ્રશ્નોનું વ્યક્તિગત સોલ્યુશન...
- વિશાળ પ્લે ગ્રાઉન્ડ...
- સ્કૂલ બસ સુવિધા...

અમારી શાળા જેવું શિક્ષણ અને અનુભવી શિક્ષકોની ટીમ બીજે ક્યાંય નહિ... : કોમર્સની નં. ૧ ટીમ :

| મનિષ સર | વડાલિયા સર | સાગર સર | મિતલ મેડમ | પાર્થ સર | સુધીર સર |
|---|---|---|---|---|---|
| M.Com., B.Ed. | M.A., B.Ed. | M.Com., B.Ed. | M.A., B.Ed. | M.Com, B.Ed. | M.A., B.Ed. |
| (આંકડાશાસ્ત્ર) | (અર્થશાસ્ત્ર) | (નામાના મુળતત્વો) | (અંગ્રેજી) | (BA/SPCC) | (ગુજરાતી) |
| અનુભવ : 17 વર્ષ | અનુભવ : 14 વર્ષ | અનુભવ : 8 વર્ષ | અનુભવ : 7 વર્ષ | અનુભવ : 10 વર્ષ | અનુભવ : 15 વર્ષ |

ગર્લ્સ / બોયઝ હોસ્ટેલ સુવિધા
પ્રવેશકાર્ય શરૂ...
: કાર્યક્ષેત્ર : ધોરણ ૧ થી ૧૨ કોમર્સ / આર્ટ્સ
...પ્રવેશ સંપર્ક... 82009 23707
અખાડાના ગેઈટ સામે, સુખનિવાસ કોલોની રોડ, અમરેલી.














### ૧૦૮ સેવા સૌ માટે આશીર્વાદરૂપ બની

# રાજુલાની અતિ જોખમી સગર્ભા માતાની પ્રસૃતી સફળતાપૂર્વક કરાવી

## માતા અને બાળકનો જીવ બચાવ્યો



અમરેલી, તા. ૨૨

ગુજરાત સરકાર દ્વારા કાર્યરત અને ઈ.એમ.આર.આઈ. ગ્રીન હેલ્થ સર્વીસ દ્વારા સંચાલિત ૧૦૮ની સેવાને અમરેલી જિલ્લા સાવરકુંડલા તાલુકાના ઘનશ્યામનગર ગામના વાડી વિસ્તારનો એક કેસ રાજુલા ૧૦૮ એમ્બ્યુલન્સને મળ્યો હતો. જેમાં એક પરપ્રાંતીય મધ્યપ્રદેશથી મજૂરી કામ અર્થે આવેલા હતા અને જે માતા ગર્ભાવસ્થાના પુરા ૯ મહિના થઈ ગયા હતા અને જરૂરી કાગળો પણ હાજર ન હતા. એવામાં પ્રસૂતિની પીડા ઉપડતા, જે અંગે કોલર દ્વારા ૧૦૮ નંબર પર કોલ કરવામાં આવ્યો અને આ કેસ રાજુલાની ૧૦૮ એમ્બ્યુલન્સને સાંજના ૬:૧૧ કલાકે મળતાની સાથે ૧૦૮ની ટીમ ઘટના સ્થળે જવા રવાના થઈ ગઈ હતી. એમ્બ્યુલન્સ વાડી સુધી જઈ શકે તેમ ન હતી જેથી ૧૦૮ નો સ્ટાફ દ્વારા ચાલી અને દર્દી સુધી વાડી વિસ્તારમાં પહોંચ્યો હતો. ત્યાં દર્દીની તપાસ કરતા જાણવા મળ્યું કે માતાને પ્રસૂતિની પ્રસવ પીડા હોવાથી વાડીમાં જ પ્રસૂતિ થઈ ગઈ હતી.

જેથી રાજુલાના ઈ.એમ.ટી. લાલજી વેગડ દ્વારા સ્થળ પર જ બધી તપાસ કરી પ્રાથમિક સારવાર આપી હતી. પરંતુ આવી ગંભીર હાલતમાં પણ દર્દી હોસ્પિટલ જવા માગતા ન હતા. જેથી ૧૦૮ ના સ્ટાફ દ્વારા તેમને સમજાવવામાં આવ્યા અને માતા અને બાળકને ૧૦૮ એમ્બ્યુલન્સમાં લઈ અને ૧૦૮ના કોલ સેન્ટર પર ઉપસ્થિત ઉપરી ફિઝિશિયન ડોકટર સાથે વાતચીત કરી અને તેમની સલાહ મુજબ માતાને ઈન્જેકશન, બાટલા અને ઓકિસજન આપી અને બાળકને જરૂરી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. પાયલોટ ગીરીશભાઈ સોંધરવા દ્વારા સમયસૂચકતા વાપરી દર્દીને રાજુલા સરકારી હોસ્પિટલ ખાતે પહોંચાડવામાં આવ્યા હતા. જયાં જરૂરી રિપોર્ટ કરતા માતાને ઝેરી કમળો છે એવું સામે આવ્યું અને લોહીના ટકા ૫.૩ ગ્રામ જ હોવાથી વધુ સરવાર અર્થે સરકારી હોસ્પિટલ સાવરકુંડલા ખાતે ૧૦૮ માં જ રીફર કરવામાં આવ્યા હતાં. આમ અમરેલી જિલ્લાના રાજુલા ૧૦૮ની ટીમ દ્વારા સમયસર માતા અને બાળકને સારવાર આપી ત્વરિત હોસ્પિટલ પહોંચાડી માતા અને બાળકનો જીવ બચાવવામાં આવ્યા હતો અને રાજુલા ૧૦૮ની ટીમ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી હતી તેમજ આ કામગીરી બદલ ૧૦૮ના અધિકારી દ્વારા તેમને બિરદાવામાં આવ્યા હતા.

### આરોગ્ય વિભાગની બેઠકમાં નિર્ણય

# અમરેલી જિલ્લામાં બાકી બાળકોને રસીકરણ અભિયાનમાં આવરી લેવાશે

## જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાશે

અમરેલી તા. ૨૨

અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને અને જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયાની ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા આરોગ્ય શાખાની વિવિધ સમિતિઓની બેઠક યોજાઈ હતી. તેમાં બાળકોને રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા સંચારી રોગ સર્વેક્ષણ અને સંકલન સમિતિ, જિલ્લા ટાસ્કફોર્સઈમ્યુનાઈઝેશન (રસીકરણ) અને રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ હેઠળ જિલ્લા કક્ષાની તમાકુ નિયંત્રણ સ્ટીયરીંગ સમિતિની બેઠક યોજાઈ હતી. એપ્રિલ–૨૦૨૩ થી માર્ચ–૨૦૨૪ દરમિયાન તેમજ એપ્રિલ–૨૦૨૪ થી મે–૨૦૨૪ની આજદિન સુધી કરવામાં આવેલ રસીકરણની કામગીરીની વિગતો રજૂ કરવામાં આવી હતી.

રસી મેળવવાના બાકી હોય તેવા બાળકોના રસીકરણની કામગીરી પૂર્ણ કરવા, ફિલ્ડ પરના સર્વે વધારવા, રસીકરણને લગતી કામગીરી ઘનિષ્ઠ રીતે કરવા, જન્મ તારીખ અનુસાર રસી બાકી હોય તેવા અને રસી મેળવી લીધી હોય તેવા બાળકોની યાદી મુજબતે વિગતોને ધ્યાને લઈ ઘટતું થઈ શકે તો જોવા અમરેલી જિલ્લા કલેકટરએ સૂચના આપી હતી. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ આગામી સમયમાં બાળ વાટિકા, આંગણવાડી અને શાળાઓમાં હાથ ધરવામાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ વિશેની વિગતો જણાવી હતી. ભારત સરકારની સૂચનાઓ અનુસાર કાર્યવાહી હાથ ધરી તે અંગેની ડેટા એન્ટ્રીની કામગીરી કરવામાં આવશે. આરોગ્ય શાખાની આ કામગીરીને લગતા કર્મચારીઓને તાલીમ આપવા આયોજન, ફિલ્ડ પર જતાં કર્મચારીઓ દ્વારા રજિસ્ટર નિભાવણી, એકપણ રસી ન મળી હોય તેવા બાળકોને આવરી લઈ રસીકરણની બાકી કામગીરી કરવામાં આવશે. રસીકરણની કામગીરી સઘન રીતે થઈ શકે તે માટે માઈક્રો પ્લાનિંગ કરવામાં આવશે. જરૂર લાગશે ત્યારે નોડલઅધિકારીની નિમણુક કરવામાં આવશે. જિલ્લામાં હિટવેવ રક્ષણ સામેના પગલાઓ ભરવા, પાણીનું કલોરિનેશન અને સુપરકલોરિનેશન કરવું. મુસાફરોને બસમાં સુવિધા મળી રહે તે માટે એસ.ટી.બસમાં ઓઆર એસના પેકેટસ ઉપલબધ કરવા ઓઆરએસના પેકેટસનું વધુ માત્રામાં વિતરણ કરવું. પાણીની પાઈપ લાઈન લિકેજ હોય તેના રિપેરિંગની કામગીરી પૂર્ણ કરવી. મચ્છરજન્ય રોગો ન થાય તે માટે લેવાની કાળજીઓ માટે કામગીરી હાથ ધરવી. જીવજંતુઓ કરડે તેવા કિસ્સાઓમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે પ્રાણમિક સારવાર માટેની કિટ અને વાહનો– ડ્રાઈવર અને ડિઝલના પૂરતા જથ્થા સાથેની તૈયારી પૂર્ણ કરવી. પોરાનાશક કામગીરી અંતર્ગત હાથ ધરવાની કામગીરી બાબતે આયોજન જરૂરી વ્યવસ્થાઓ કરવા અંગેની વિગતો આરોગ્ય અધિકારી જોષી એ જણાવી હતી.

રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અન્વયે કરવાની થતી કામગીરીઓને મુદાવાર અને કચેરીઓને સોંપવામાં આવેલી ફરજ અંતર્ગત કરવાની થતી કામગીરી માટેની વિગતો રજૂ કરવા જિલ્લા કલેકટરએ જણાવ્યું હતું. સગીર વયનાઓને તમાકુ વેચી શકાતુ નથી, શાળાઓના ૧૦૦ મીટરના આસપાસના વિસ્તારોમાં તમાકુ કે તમાકુને લગતી ચીજવસ્તુઓનું વેચાણ ન થાય તે માટે કરવાની થતી કાર્યવાહી હાથ ધરવામાં આવ્યું હતું.

બેઠકમાં નાયબ પોલીસ અધિકારીરાઠોડ, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મિયાણી, આરોગ્ય શાખાના અધિકારી– કર્મચારીઓ અને નગરપાલીકાઓના ચીફ ઓફિસરઓ અને સમિતિના સભ્યઓ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# પાડરશીંગા : શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું સમાપન



દામનગર, તા. ૨૨

ધજા દેખી ધણી સાંભરે દેવળ દેખી દુઃખ જાય – દર્શન કરતા રામાપીર નાં પંડના પ્રાયશ્ચિત જાય. ગુઢશ્રી પ્રેમદાસબાપા અને સંત લાલદાસ બાપાના આશીર્વાદથી દામનગરની ધન્ય ધરા પંથકના પવિત્ર પાડરશીંગા ગામની ભૂમિ ઉપર ૧૯૭૬ ની સાલમાં સ્થપાયેલ શ્રી નકળંગધામ આશ્રમમાં મહંત બાલકદાસ બાપુ અને ગીતા માતાજીનાં અંતઃકરણપૂર્વકનાં ભાવથી તા.૧૬–૦૫ ને ગુઢવારથી પ્રારંભ થયેલ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞને આજે તા.૨૨–૦૫ ને બુધવારે વિરામ આપવામાં આવેલ છે. શાસ્ત્રી શ્રી દિપકભાઈ મહેતાએ કથાનું રસપાન કરાવેલ મંદિરનો પ્રથમ પાટોત્સવ અને વિષ્ણુ યાગનું દિવ્ય આયોજન સંપન્ન થયેલ છે.

દરમ્યાન સંતવાણી– લોક ડાયરો અને ડાક ડમરૂનાં રાખવામાં આવેલ કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં ધર્મપ્રેમીઓએ લાભ લીધો હતો. શ્રી સંત દર્શન અને ધર્મસભા કાર્યમાં બહોળી સંખ્યામાં ભાવિક ભકોએ આશીર્વાદ મેળવ્યા હતા. અહીંયા ગેશાળાનું નિર્માણ થઈ રહ્યું છે. નામી– અનામી દાતાઓ અનેસ્વયમ સેવકોનું મહંત બાલકદાસ બાપુએ સન્માન કરી આ કાર્યમાં સાથ–સહકાર આપનાર તમામ ભાઈઓ–બહેનો અને વડીલોનો આભાર વ્યક્ત કરેલ.

### જીજે ૧૪ એ થી ઝેડ 0001 થી ૯૯૯૯ સુધી

# અમરેલી એ.આર.ટી.ઓ દ્વારા નોન ટ્રાન્સપોટ વાહનો માટે નવી સિરીઝ:

## ઈ–ઓક્શન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે

અમરેલી તા. ૨૨

અમરેલી એ.આર.ટી.ઓ. દ્વારા નોન ટ્રાન્સપોર્ટ વાહનો માટેની નવી સિરીઝ GJ 14 AT & Z 0001 થી 9999 ઈ–ઓકશન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ઈ–ઓકશન માટે ઓનલાઈન અરજી તા. ૨૮ મે, ૨૦૨૪ સાંજે ૪ વાગ્યાથી તા. ૩૦ મે, ૨૦૨૪ સાંજે ૪ વાગ્યા સુધીમાં કરી શકાશે. બિડિંગ સમયગાળો તા. ૩૦ મે, ૨૦૨૪ થી તા. ૧ જૂન, ૨૦૨૪ સુધી રહેશે. ઈ–ઓકશનનું પરિણામ તા.૧ જૂન, ૨૦૨૪ના રોજ જાહેર કરવામાં આવશે.

ઓનલાઈન ઈ– ઓકશનમાં ભાગ લેવા માટે અરજદારે http://parivahan.gov.in/parivahan/ પર નોંધણી, યુઝર આઈ.ડી. પાસવર્ડ તૈયાર કરવા અને હરાજી, ચૂકવણુ કરવું, વાહન નંબર મેળવવા સહિતની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. વાહન ખરીદીના સાત દિવસની અંદર ઓનલાઈન સી.એન.એ. ફોર્મ ભરવાનું રહેશે. અરજી પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણા જમા કરાવવા. અરજદાર જો નિયત સમય મર્યાદામાં નાણાં ચૂકવવામાં આવેલ દરે ઓનલાઈન ઈ–ઓકશનમાં, અરજદારે ચાર્જ ચૂકવવાનો રહેશે.

હરાજીની પ્રક્રિયામાં સફળ થયેલા અરજદારને સફળ ગણી બાકીના નાણાં દિન–૫ (પાંચ) માં ભરપાઈ કરવા માટે એસ.એમ.એસ. કે ઈ–મેઈલથી જણાવવામાં આવશે. હાલની મેન્યુઅલ પદ્ધતિ પ્રમાણે નાણાપરત કરવાના રહેશે એટલે કે નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડથી રકમનું ચૂકવણું કર્યુ હોય તે જ મોડથી નાણાં અરજદારના એમ.આઈ.એસ.થી સફળ અને નિષ્ફળ વ્યવહારની ખાતરી કરી તે અંગેની જાણ બેંકને કરવાની રહેશે. ઈ–ઓકશનમાં ભાગ લેવા માટેનો વિડિયો યુટયુબમાં ઈ– ઓકશન, આર.ટી.ઓ ગુજરાત સર્ચ કરવાથી મેળવી શકાશે. ઈનવોઈસ અથવા વિમાન તારીખ બેમાંથી જે વહેલા હોય તે તારીખથી સાત દિવસ થતા હોય વાહન માલિકો જ ઓકશનમાં ભાગ લઈ શકશે તેમ, અમરેલી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### ગરમીમાં લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યુ છે

# કાળઝાળ ગરમીને લઈ હિટ સ્ટ્રોકના દર્દીઓની સંખ્યા વધી

## હાલમાં ઈમર્જન્સી એમ્બ્યુલન્સની ૧૦૮ સેવાને પણ હિટ સ્ટ્રોકની અસર થવાના કોલ છેલ્લા સપ્તાહથી મળવા લાગ્યા છે

સાબરકાંઠા,તા. ૨૨

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગરમીનો પ્રકોપ હજુ પણ એક સપ્તાહથી એટલો જ રહેતા લોકોની પરેશાની દિવસે દિવસે વધી રહી છે. ગરમીમાં લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યુ છે. તો હાલમાં ઈમર્જન્સી એમ્બ્યુલન્સની ૧૦૮ સેવાને પણ હિટ સ્ટ્રોકની અસર થવાના કોલ છેલ્લા સપ્તાહથી મળવા લાગ્યા છે. જે આ પહેલા આંકડો શૂન્ય હતો પરંતુ હાલમાં છેલ્લા એક સપ્તાહથી આ આંકડો એક ડઝનથી વધારેનો નોંધાયો છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગરમીનો પ્રકોપ હજુ પણ એક સપ્તાહથી એટલો જ રહેતા લોકોની પરેશાની દિવસે દિવસે વધી રહી છે. ગરમીમાં લોકોને બહાર નીકળવું મુશ્કેલ બની રહ્યુ છે. તો હાલમાં ઈમર્જન્સી એમ્બ્યુલન્સની ૧૦૮ સેવાને પણ હિટ સ્ટ્રોકની અસર થવાના કોલ છેલ્લા સપ્તાહથી મળવા લાગ્યા છે. જે આ પહેલા આંકડો શૂન્ય હતો પરંતુ હાલમાં છેલ્લા એક સપ્તાહથી આ આંકડો એક ડઝનથી વધારેનો નોંધાયો છે. એટલે કે હિટ સ્ટ્રોકની અસરને લઈ ૧૪ દર્દીઓએ ૧૦૮ ના સહારે સારવાર માટે હોસ્પિટલ પહોંચ્યા હોવાનું સામે આવ્યું છે. ૧૦૮ સેવા દ્વારા પણ હાલમાં ઓરેન્જ એલર્ટને લઈ વિશેષ તકેદારી દાખવવામાં આવી રહી છે. ગરમીના પ્રકોપને લઈ અસર થતા દર્દીઓનો કોલ મળતા તુરત જ સારવાર મળી રહે એ માટે વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. તો સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી અને સરકારી હોસ્પિટલમાં પણ વિશેષ ટીમો તૈનાત રાખવામાં આવી છે.

### ૨.૯ હિમોગ્લોબીન હોય તંદુરસ્ત થયા

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં દર્દીની સફળ સારવાર

## ડો. હિતેષ મોરડીયા અને ડો. મિત નાદપરાની સુંદર કામગીરી



અમરેલી, તા. ૨૨

જુનાગઢ જીલ્લાના હનુમાનપરાના ૪૦ વર્ષીય દર્દી વિમુબેન આણંદભાઈ પરમાર જોખમી રીતે ઘાયલ થતા શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતે હાડકાના વિભાગ માં સારવાર માટે આવેલ હતા. હાડકાના નિષ્ણાંત ડો.હિતેષ મોરડીયાના જણાવ્યા મુજબ દર્દીને ડાબા પગમાં અને ડાબા હાથની પાંચમી આંગળીમાં ફેકચર આવેલ હતું. પરંતુ દર્દીના લોહીમાં હિમોગ્લોબીનનું પ્રમાણ ૨.૯ ળલ જેટલું ઓછુ હોવાથી દર્દીની પરીસ્થિતિ ગંભીર હતી.

પરંતુ હોસ્પિટલ દ્વારા દર્દીને ચાર બોટલ જેટલું લોહી ચડાવી બંને ફેકચરના સફળ ઓપરેશન પાર પાડવામાં આવેલ હતું. અને ઓપરેશન માટે દર્દીને ડખઉંઢ યોજનાનો પણ લાભ મળેલ હતો. દર્દી અને તેમના સગા એ શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ના ઓર્થોપેડિક વિભાગ ના ડો.હિતેષ મોરડિયા અને ડો.મિત નાદપરા અને ડો.ખુશાલ વોરા નો આભર વ્યક કરિયો હતો અને સાથે સાથે આ હોસ્પિટલ ના સેવાયગ્નના ફાઉન્ડર વસંતભાઈ ગજેરા નો પણ દિલથી આભાર માનેલ હતો.

### "સૂરત વાસુદેવ ધૂનમંડળ" તરફથી

# ટીંબી : નિર્દોષાનંદજી હોસ્પિટલને રૂપિયા ૨.૧૧ લાખનું અનુદાન મળેલ

## ટ્રસ્ટીમંડળે દાતા યુવાનોનો આભાર માન્યો



ટીંબી તા. ૨૨

વર્તમાન સમયમાં જયારે યુવાવર્ગ વ્યસન અને ફેશનમાં બરબાલ થઈ રહ્યો છે તેવા સમયમાં "વાસુદેવ ધુન મંડળ, સુરત" ના કાર્યદક્ષ, ઉત્સાહી અને સામજસેવામાં વ્યસ્ત એવા યુવાનો કે જે પોતાના ધંધા–રોજગાર કરતા કરતા રાત્રીનાં સમયે કોઈના મૃત્યુ, તિથી, વાસ્તુ, કથા, શ્રાધ્ધ, જન્મદિવસ કે સારા–નરસા પ્રસંગે ધુન–ભજન કાર્યક્રમ આયોજન કરી તેમા એકત્રિત થતી રકમ ગૌસેવા તેમજ સમાજસેવા કરતી સેવાભાવી સંસ્થાઓને અર્પણ કરી એક સરાહનીય અને પ્રેરણાદાયી કાર્ય કરી રહ્યાં છે. "વાસુદેવ ધુન મંડળ, સુરત" ના યુવાનો મારફત હોસ્પિટલને રૂપિયા બે લાખ અગીયાર હજાર પુરા નું અનુદાન પ્રાપ્ત થયેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે વાસુદેવ ધુન મંડળ, સુરત મારફત વખતો વખત હોસ્પિટલમાં અનુદાન પ્રાપ્ત થઈ રહ્યું છે. આ યુવાનોને જેટલા બિરદાવીએ તેટલા ઓછા છે. સમગ્ર ટ્રસ્ટીમંડળે આ ઉત્સાહી અને સેવાભાવી યુવાનોનો હદયપુર્વકનો આભાર માનેલ છે.

### કોંગ્રેસના કદાવર નેતાએ કર્યો ધડાકો

# એક બે નહીં અમે ગુજરાતમાં ૧૦ સીટો જીતી રહ્યાં છીએ

અમદાવાદ, તા. ૨૨

ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકોની ચૂંટણી બાદ તમામ સરવેમાં ભાજપ ૨૫માંથી ૨૫ સીટો જીતશે તેવી આગાહીઓ કરાઈ રહી છે. ભાજપને પણ આશા છે કે એક બિનહરિફ બાદ અમે તમામ ૨૫ બેઠકો જતશું, જોકે ૫ લાખની લીડના પાટીલના સપનાં પૂરાં થાય તેવી કોઈ સંભાવના નથી. ગુજરાતમાં મતદાન ઘટતાં ભાજપે ફરી સમીકરણો ગોઠવવા પડશે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે ભાવનગરમાં ૪ બેઠકો જીતવાના કરેલા દાવા વચ્ચે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ગુજરાતના પ્રભારી મુકુલ વાસનિક આજે અમદાવાદ પહોંચ્યા છે. જેઓએ ૧૦ સીટો જીતવાનો દાવો કર્યો છે.ગુજરાતમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા પક્ષના નેતાઓની બેઠક માટે અમદાવાદ પહોંચ્યા હતા. જેઓએ પત્રકારો સાથે વાતચીતમાં મોટા દાવાઓ કર્યા છે. ૭ મેના રોજ ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠકોમાંથી ૨૫ લોકસભા બેઠકો માટે ચૂંટણી યોજાઈ હતી. ગુજરાતમાં મતદાન ઘટીને ૬૦ ટકાની આસપાસ રહ્યું છે. સુરત બેઠક પર ભાજપના ઉમેદવાર મુકેશ દલાલને ચૂંટણી પહેલા બિનહરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. આ લોકસભામાં કોંગ્રેસે ૨૩ બેઠકો પર ચૂંટણી લડી હતી અને આમ આદમી પાર્ટીને ભારત ગઠબંધનના ભાગરૂપે બે બેઠકો આપી હતી. જેમાં ભાવનગર અને ભરૂચમાં આપના ઉમેદવારોએ પોતાનું ભવિષ્ય દાવ પર લગાવ્યું છે. અહીં આપના ૨ ધારાસભ્યો સાંસદ બનવાના સપનાં જોઈ રહ્યાં છે. ૪ જૂને મત ગણતરી થવાની છે આ દિવસે તમામ આગાહીઓ સાચી ઠરે છે કે ખોટી એ તો બહાર આવી જશે.

"મુકુલ વાસનિકે અમદાવાદમાં મોટા મોટા દાવાઓ કર્યા છે. દેશમાં બધે પરિવર્તનની લહેર જોવા મળી શકે છે. અમે કહેતા આવ્યા છીએ કે જનતાના સમર્થનથી અમે ૧૦થી વધુ બેઠકો જીતીશું . જો અમને આવું પરિણામ મળે તો નવાઈ નહીં. ગુજરાતમાં ચૂંટણી પૂર્ણ થઈ અને પરિવર્તનની લહેર દેખાઈ રહી છે. ૪ જૂને મત ગણતરીમાં પરિવર્તન દેખાશે કોંગ્રેસને ફાયદો થશે. હાલમાં bjp માટે નારાજગી જોવા મળી રહી છે. લોકોમાં ક્ષ્દ્ધૅ માટે રોષ હતો જે વોટમાં પરિવર્તીત થયો છે. જનતાનો રોષ એ ૪ જૂને પરિણામમાં સાબિત થશે."જ્યારે મતોની ગણતરી થશે, ત્યારે હું માનું છું કે પરિવર્તન આવશે અને અમે ભારતીય જનતા પાર્ટીને હરાવીશું," છેલ્લા ૧૦ વર્ષોમાં જે રીતે લોકોને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા તેનાથી સરકાર સામે એક પ્રકારનો રોષ પેદા થયો છે," તેમણે દાવો કર્યો હતો, આ પરિણામોમાં લોકોનો ગુસ્સો પ્રતિબિંબિત થશે. અમે ગુજરાતમાં ૧૦ થી વધુ બેઠકો જીતવાની અપેક્ષા રાખી રહ્યાં છીએ.

# ગીરની ગોદમાં આવેલ કરમદડીનાં આનંદ આશ્રમને ''સિધ્ધપીઠ'' ઘોષિત કરાઈ



ગીરની ગોદમાં આવેલ ખોબા જેવડાં કરમદડી ગામની સીમમાં તપસ્વીઓની પધરામણી થઈ. આનંદ આશ્રમ જયાં પ્રભુ શ્રી રામચંદ્રજીની પંચાયત બિરાજમાન છે, દેવાધિદેવ મહાદેવ શિવશકિતનું પ્રાંગણ અને રખેવાળ કાળભૈરવસાક્ષાતછે, ગૌશાળમાં ગાયો ગેલ કરે છે ત્યાં અલગારી સંત પૂ. પહુડિયાબાપુના હઠયોગી શિષ્ય શ્રી સિદ્ધરામદાસબાપુને તેમની તપોભકિતના પ્રતાપે સૌરાષ્ટ્રના સમગ્ર સંત મંડળ દ્વારા પણ પૂ. શ્રી રામાનુજાચાર્ય સ્થાપિત અખાડાની પરંપરા પ્રમાણે શાસ્ત્રોકતવિધિવિધાનથી 'શ્રીશ્રી ૧૦૦૮ મહા મંડલેશ્વર' તરીકે વરિષ્ઠ સંતો દ્વારા ચાદરવિધિ કરવામાં આવી, તેમજ તેમની તપોભૂમિ આનંદ આશ્રમને અત્રે ધર્મસભામાં 'સિદ્ધ પીઠ' તરીકે ઘોષણા કરવામાં આવેલ. ગીર મધ્યે રાત્રિના અંધકારની ચિરતી અલખ ફકીરી સંતવાણીની શિરવાણી ફૂટી હતી. હરિ ૐ ના નાદથી કંદરા ગુંજી ઉઠી હતી. આ ધર્મોત્સવમાં ભાવનગર મંડળના મહા મંડલેશ્વર શ્રી શ્રી ૧૦૦૮ ગરીબદાસ બાપુ, નવા ખારા મંડળના શુકદેવદાસ બાપુ, જાગૃત હનુમાન, ગિરીયા અમરેલીના મહા મંડલેશ્વર શ્રીરામ મનોહરદાસબાપુ, સંત ઓલિયાપબાપુ ભિષ્મ પિતા, શ્રી શ્રી ૧૦૦૮ બલરામદાસબાપુ, લક્ષ્મીનારાયણ મંદિર ચિતલથી વિશ્વનાથબાપુ, અંબિકા આશ્રમ સાંગાણાના મહા મંડલેશ્વર ૧૦૦૮ રમજુબાપુ, તાપડિયા આશ્રમ બાબરાના ઘનશ્યામદાસબાપુ, બુટાણા મંડલેશ્વર આનંદદાસબાપુ, આંબલા મંડલેશ્વર રવુદાસબાપુ, પરમેશ્વરદાસ બાપુ, પીપાભગતની જગ્યાના મહેશદાસબાપુ, મારૂતિયોગ આશ્રમના વિશ્વંભર દાસબાપુ, બરવાળાના જગદેવદાસ બાપુ, દેવકીનંદનદાસબાપુ, પીપળેશ્વર મંદિર અમરેલીના જયકિશનદાસબાપુ, વાકુની ધાર બાલકદાસબાપુ, લાખાપાદરના કિશનદાસબાપુ, પીંગળવીરહનુમાન ખાંભાના હરીદાસબાપુ, નાગધ્રાથી ગોરાબાપુ, જસદણ મહંત ગોપાલદાસ બાપુ, શિવરામદાસબાપુ, આશાનંદગીરી બાપુ, ધ્રુવદાસબાપુ, કલ્યાણદાસ, માધવદાસ, રામચરણદાસ, અમરદાસ, હાર્દિકગીરી, જંગલની ઝુંપડી રાજુબાપુ, નકળંગ દેવંગી આશ્રમ ગોવિંદપુરના ગીતામાતાજી, કથાકાર કિરીટદાસબાપુ સહિત તપસ્વી સાધુ– સંતો ધર્મસભામાં ઉપસ્થિત રહ્યાં હતાં જેમાં વિદ્વાન વરિષ્ઠ સંતોએ આશિર્વવચન આપ્યાં હતાં. ગરીબદાસબાપુ તેમજ રામ મનોહરદાસ બાપુએ સભાનું સંચાલન કરતાં પૂ. સિદ્ધરામદાસ બાપુને છડી છત્ર સહિત મહા મંડલેશ્વર પદે ચાદરવિધિ તેમજ સિદ્ધ પીઠ આનંદ આશ્રમની ઘોષણા કરી હતી. ધર્મોત્સવમાં ધારીથી મનહરભાઈ સલખના, પ્રમુખ વાલભાઈ ભટ્ટી, સુરેશભાઈ મૈસુરિયા, સાદિયાભાઈ તેમજ સેંકડો ધર્મપ્રેમી ભાવિકો ભાઈઓ–બહેનો, આબાલ વૃદ્ધોએ ધર્મલાભ સાથે પ્રસાદ લીધો હતો. આ ભદ્રોત્સવમાં આનંદ આશ્રમના સેવકો વિપુલભાઈ, રાજકોટના તરૂણભાઈ ત્રિવેદી, ઋત્વિકભાઈ, સંજયભાઈ પટેલ, કમલેશભાઈ કંદોઈ, પહુડિયા ગ્રુપ સાવરકુંડલા તેમજ કરમદડીના સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી.

### મોંઘવારી અને બેરોજગારીપર વાત નથી કરતા પીએમ : કોંગ્રેસ

# અગ્નિવીર યોજનાને કચરામાં ફેંકી દઈશું : રાહુલ ગાંધી

## સેનામાં કોઈની સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં : માત્ર એક જ પ્રકારના શહીદો હશે, એક જ પ્રકારની સેવા શરતો લાગુ પડશે : રાહુલ ગાંધી

મહેન્દ્રગઢ, તા.૨૨

આજે હરિયાણાના મહેન્દ્રગઢમાં જનસભાને સંબોધિત કરતા કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી અને ભાજપ પર નિશાન સાધ્યું હતું. તેમણે અગ્નિવીર યોજના અને સરકાર પર પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'પીએમ નરેન્દ્ર મોદીની સરકારે ભારતના સૈનિકોને મજૂર બનાવી દીધા છે. નવી નીતિમાં બે પ્રકારના સૈનિકો બનાવવામાં આવ્યા છે. એક એવા શહીદ જેના પરિવારને પેન્શન મળશે, શહીદનો દરજ્જો મળશે અને બધી જ સુવિધાઓ મળશે. જયારે બીજા પ્રકારના શહીદ એટલે કે ગરીબ ઘરનો દીકરો જેને અગ્નિવીર નામ આપવામાં આવ્યું છે. આ અગ્નિવીરને ન તો શહીદનો દરજ્જો મળશે, ન તેને પેન્શન મળશે, ન તો તેને કોઈ સુવિધા મળશે, ન તો તેને કેન્ટીન મળશે. આ યોજના નરેન્દ્ર મોદીની યોજના છે. આ સેનાની યોજના નથી. સેનાને તે જોઈતી નથી. આ યોજના પીએમઓ તરફથી બનાવવામાં આવી છે, 'I.N.D.I.A.' ગઠબંધન સરકાર આવશે, ત્યારે અમે અગ્નિવીર યોજનાને કચરામાં ફેંકી દઈશું.'રાહુલ ગાંધીએ વધુમાં કહ્યું હતું કે, 'જો કોઈપણ યુવાન શહીદ થશે પછી ભલે તે હરિયાણાનો હોય કે અન્ય કોઈ જગ્યાનો બધા એક જ પ્રકારના શહીદ હશે. બધાને સમાન સુવિધાઓ મળશે. ઈન્ડિયા સરકાર બધાની રક્ષા કરશે, બધાના પરિવારને પેન્શન મળશે, શહીદનો દરજ્જો બધાને મળશે. અમે અગ્નિવીર યોજનાને કચરામાં ફેંકી દઈશું.' 'I.N.D.I.A.'ની ગઠબંધન સરકારમાં આવશે તો બધાને સમાન સુવિધા મળશે એવો દાવો પણ કરવામાં આવ્યો હતો. સેનામાં કોઈની સાથે ભેદભાવ કરવામાં આવશે નહીં. માત્ર એક જ પ્રકારના શહીદો હશે, એક જ પ્રકારની સેવા શરતો લાગુ પડશે. તમામ પરિવારોને કોઈને કોઈ પ્રકારનું પેન્શન મળશે, દરેકને શહીદનો દરજ્જો મળશે. જનસભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે, મેં ભારતભરમાં હજારો કિલોમીટરનો પ્રવાસ કર્યો, જ્યાં લોકોએ મોંઘવારી, બેરોજગારી અને ખેડૂતોની સમસ્યાઓ વિશે ખુલીને વાત કરી, પરંતુ વર્તમાન સરકારને મોંઘવારી અને બેરોજગારી સાથે કોઈ લેવાદેવા નથી.

### જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાઈ બેઠક

# રાજકોટમાં રૂ.૧૦ નો સિક્કો ન સ્વીકારાતા કલેક્ટરે બહાર પાડ્યું ફરમાન

રાજકોટ,તા.૨૨

રાજકોટ જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી રૂ. ૧૦ નો સિક્કો માન્ય હોવા છતાં વ્યવહારમાં તેનો ખાસ ઉપયોગ કરાતો નથી. બીજીતરફ ગ્રાહકો, વ્યાપારીઓ તેમજ બેક્કર્સને રૂ. ૧૦ના સિક્કાને લઈને પડતી મુશ્કેલીના નિવારણ અર્થે જિલ્લા કલેકટર પ્રભવ જોશીની અધ્યક્ષતામાં રાજકોટની નેશનલ અને ખાનગી બેક્કના અધિકારીઓ સાથે એક બેઠક યોજાઈ હતી.

જેમાં કલેકટર પ્રભવ જોશીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે રૂપિયા દસનો સિક્કો ભારત સરકાર અને આર.બી.આઈ. દ્વારા માન્યતા પ્રાપ્ત ચલણ છે. જેનો વ્યવહાર કાયદેસર છે. જેથી કરીને લોકો, વ્યાપારીઓ નિ:સંકોચપણે ચલણમાં તેનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરે તે ઈચ્છનીય છે તેમજ બેક્ક પણ રૂ. ૧૦ના સિક્કાનો અસ્વીકાર કરી શકે નહીં. તમામ બેંકોમાં રૂ. ૧૦ના સિક્કા જમા કરાવી શકાય છે તેમ કલેકટરએ લોકોને વિશ્વાસ આપતાં જણાવ્યું હતું. આ બાબતે કલેકકટરે સંપૂર્ણ સહકાર આપવા બેક્કના અધિકારીઓને જણાવ્યું હતું. બેક્કના અધિકારીઓના જણાવ્યા મુજબ રૂ. ૧૦ના સિક્કા બેક્ક દ્વારા હાલ ચલણમાં છે જ તેમ જ વ્યાપારી બેક્કોમા રૂ. ૧૦ના સિક્કા જમા કરાવી શકે છે.રૂ. ૧૦નો સિક્કો વ્યાપક પ્રમાણમાં વ્યવહારમાં આવતાં છુટ્ટા રૂપિયાની સમસ્યા પણ હલ થઈ જશે તેમ કલેકટરે કહ્યું હતું. ઉપરાંત રૂ. ૧૦ ના સિક્કાનું સર્ક્યુલેશન વધે તેના માટે લોકોને રોજીંદા વ્યવહારમાં તેનો વધુ ઉપયોગ કરવા અપીલ કરી છે.

રૂ. ૧૦નો સિક્કો કાયદેસરનું ચલણ – રોજીંદા વ્યવહારમાં સિક્કાની લેણ-દેણ વ્યાપક બનાવવા કલેકટર પ્રભવ જોશીએ અપીલ કરી હતી. વ્યાપારીઓને શોપ પર રૂ. ૧૦ના સિક્કા સ્વીકારીએ છીએ તે પ્રકારે સ્ટીકર લગાવવવા અનુરોધ કર્યો હતો. ઉપરાંત તમામ વેપારીઓ બેક્કોમા રૂ. ૧૦ ના સિક્કા જમા કરાવી શકે છે અને પૂરતા પ્રમાણમાં સ્ટોક ઉપલબ્ધ છે.એમ તેમણે કહ્યું હતું.તે સિવાય પાંચ રૂપિયાની નોટ પણ કોઈ સ્વીકારતું નથી તો તેનું પણ બોર્ડ લગાવવું જરૂરી છે અને દરેક લોકો પાંચ રૂપિયાની નોટ સ્વીકારે તે સૂચના આપવી જરૂરી છે.

### સ્વાતિ માલીવાલને લઈને કેજરીવાલે તોડ્યું મૌન

# હું આ કેસમાં નિષ્પક્ષ તપાસ અને ન્યાય ઈચ્છું છું : કેજરીવાલ

## માલીવાલ કેસે અચાનક કેજરીવાલને મૂંઝવણમાં મૂક્યા

નવી દિલ્હી, તા.૨૨

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આમ આદમી પાર્ટી (AAP) રાજ્યસભા સાંસદ સ્વાતિ માલીવાલના આરોપો પર પ્રતિક્રિયા આપી છે. તેણે ન્યૂઝ એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું, "હું આ કેસમાં નિષ્પક્ષ તપાસ અને ન્યાય ઈચ્છું છું. આ કેસમાં બે વર્ઝન છે."

